Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 38,(SURAT), DATE-12/03/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૩૮, (સુરત), તા.૧૨/૦૩/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 સાળંગપુર મંદિરમાં ધૂળેટીએ ઉજવાશે સૌથી મોટો રંગોત્સવ

3 વાલિયા દંપતી હત્યા -ફર્નિચર માટે આપેલા ૩ લાખ પાછા માગતાં જમાઈ ગુસ્સે થયો હતો

4 સ્થાનિકો પાસે ટોલ વસૂલી નહી અટકે તો ૨૧ મી એ માંડળ નાકાને બંધી કરીશુ

## ગુજરાત રાજયની રાજપૂત સંકલન સમિતિ દ્વારા આયોજિત ૧૨ મો વાર્ષીક સ્નેહ મિલન સમારોહ યોજાયો

















**સાળંગપુર**-સાળંગપુર ખાતે ગુજરાત રાજપૂત સંકલન સમિતિ દ્વારા આયોજિત ૧૨ મું વાર્ષીક સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો જેમાં ગુજરાત રાજય ની તમામ રાજપૂત સંસ્થાઓના પ્રતિનિધિ ઓ ઉપસ્થિત હતા. તથા ગુજરાત રાજયના રાજપૂત સંગઠનનોના સંકલન સમિતિના મુખ્ય વરિષ્ઠ આગેવાન શ્રી રમજુભા જાડેજા તથા સમગ્ર ગુજરાતના રાજપૂત સમાજની વિવિધ સંસ્થાઓના આગેવાનો. શ્રી રાજપૂત કરણી સેના ગુજરાત પ્રદેશ પ્રમુખ વીરભદ્રસિંહ જાડેજા. દક્ષિણ ગુજરાત શ્રી રાજપુત કરણી સેનાના પ્રમુખ મેહુલસિંહ દેસાઈ. કરણી સેનાના સુરત જિલ્લાના હોદ્દેદારો વિશાલસિંહ મેઘાત. અને ધર્મેન્દ્રસિંહ ગોહિલ અને સુરત જિલ્લા કરણી સેનાના મીડીયા કન્વીનર હિમાંશુ ઠાકોર ઉપસ્થિત રહી ગુજરાત રાજયના ક્ષત્રિય રાજપુત સંકલન સમિતિના સમારોહમાં હાજરી આપી. સારંગપુર ખાતે સમારોહમાં ગુજરાત રાજયની ૧૦૦ જેટલી વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ગુજરાત માંથી હાજર રહ્યા હતા.

### ૧૪ એપ્રિલ ના દિને ક્ષત્રિય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવશે

૧૪ એપ્રિલ ના દિવસે રાજકોટ ના રતનપુર ગ્રાઉન્ડ ખાતે એમ કહેવાય છે કે દેશ આઝાદ થયા પછી ગુજરાતમાં આઠથી દસ લાખ ક્ષત્રિય રાજપુતો એક મંચ પર ભેગા થઈ એક જુટ થયા હતા. આ સમગ્ર ક્ષત્રિય રાજપૂત સમાજ ઐતિહાસિક ઘટના નો સાક્ષી બન્યો હતો.

જેની સ્મૃતિમાં ૧૪ એપ્રિલ ગુજરાત રાજયની સંકલન સમિતિ દ્વારા ક્ષત્રિય અસ્મિતા આંદોલનની સ્મૃતિના જીવંત રાખવાના ભાગરૂપે ગુજરાત રાજયના તમામ જિલ્લાઓમાં એક સમયે એક જ કાર્યક્રમ થકી રાજકોટ રતનપુર ક્ષત્રિય અસ્મિતા આંદોલનની સ્મૃતિ ને જીવતં યાદગાર રાખવામાં માટે સમગ્ર જિલ્લાઓમાં સંકલન સમિતિ દ્વારા ૧૪ એપ્રિલ ના રોજ કાર્યક્રમ થકી આંદોલન ની સ્મૂર્તિ અપાશે.

ગુજરાત રાજયની રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિ ની આગેવાની હેઠળ સમગ્ર ગુજરાતમાં વિધાનસભા ના ઇલેક્શન દરમિયાન પુરુષોત્તમ રૂપાલા દ્વારા અભદ્ર વાણી વિલાસ ટિપ્પણી થયો હતો જેનો વિરોધ ક્ષત્રિય અસ્મિતા આંદોલન રૂપે ગુજરાતમાં વિરોધ પ્રદર્શન અને ક્ષત્રિય અસ્મિતા આંદોલન સંમેલન સમિતિએ પ્રદર્શન કર્યું હતું.જેમાં ક્ષત્રિય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવશે




ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
તંત્રી- હિમાંશુ ઠાકોર

## સોનગઢમાં સંત શિરોમણી મોરારી બાપુની કથાનું રસપાન કરવા બીજા દિવસ મોટી સંખ્યામાં ભક્તોની ભીડ ઉમટી

**સોનગઢ** -રામાયણ એ અતિ પ્રભાવક ગ્રંથ છે તેને તુલસીદાસજીની આંખ થી નિહાળવી જોઈએ. નિરખવા કે પરખવા માટે કોઈ મહાપુરુષની આંખો જરૂરી છે. આપણા જીવનમાં રામ ને પચાવવા જરૂરી છે અને હનુમાનજી એ જેટલા રામ ને પચાવ્યા છે એટલા કોઈએ પચાવ્યા નથી.

રવિવારે બીજા દિવસે શ્રી રામચરિત માનસ કથા આગળ વધારતાં વ્યાસ પીઠ પર થી પૂજ્ય મોરારી બાપુ એ કહ્યું કે ચંદ્ર ના કિરણો બધા ને સુખ આપે છે પણ ચકોર ને સહુ થી વધુ સુખ આપે છે તેમ રામચરિત માનસ સત્યના માર્ગે ચાલનાર સજ્જન ને સહુથી વધુ સુખ આપે છે.બાપ દીકરાને વૈભવ આપે જયારે દીકરો બાપ ને કર્તવ્ય આપે. આપણા માં બાપ આપણી ચિંતા ન કરે તો આપણે સાચા સંતાન કહેવાઈએ. અહી બેઠેલા શ્રોતા





રામાયણને હનુમાનજીના હૃદય અને તુલસીદાસજીની આંખોથી જુઓ

સમજપૂર્વક કથા સાંભળે તો તેને કોઈ આશ્ચર્ય ન થાય કારણ કે તે જાણે છે કે રામ આવા જ હોય અને રામ અનંત છે.

ભગવાન રામ જયારે વનમાં જવા તૈયાર થાય છે ત્યારે સીતા માતા પણ તેમની સાથે જવા માટે જીદ કરે છે. રામ ભગવાન તેમને સમજાવે છે કે તમે અહીં રહો પણ તેઓ માનતા નથી અંતે તેમનું અપહરણ થયું. બંદી બની ને રહેવું પડ્યું, વિરહ ભોગવવો પડયો હતો. કથા આગળ વધારતાં બાપુ એ કહ્યું કે દયા, ક્ષમા, શાંતિ, સંતોષ અને સરળતાએ અમૃત કળશ છે જે પૂજ્ય શંકરાચાર્યજી એ આપ્યાં હતાં. રામ મંત્ર એ બીજ મંત્ર છે અને ત્રેતાયુગ માં ભગવાન રામે જે કામ બાકી રાખ્યા હતાં તે કામો હવે કળયુગમાં રામનામ વડે પૂર્ણ કરી શકાય છે.ભગવાનના ભક્તો બે પ્રકારના હોય છે પહેલા અજાભોજક અને બીજા ગોભોજક છે. આપણે પણ ગાય માતા ની માફક ગોભોજક બનવું એવી શીખ પૂ.મોરારી બાપુ એ આપી હતી. કથાના અંત ભાગમાં તેમણે કહ્યું કે શ્રી રામચરિત માનસની રચના પ્રથમ ભગવાન શિવ એ કરી હતી તેમણે માતા પાર્વતી ને સંભળાવી હતી. એ પછી કાગભુશનડી જી એ ગરુડજી ને અને યાશવલ્લજી એ ભારદ્વાજ ને કથા સંભળાવી હતી. ગુરુકૃપા થી તુલસીદાસજીએ સંતો ને સંભળાવી હતી. અંતે અયોધ્યામાં તુલસી રામચરિત માનસ ગ્રંથ નો બ્રહ્માર્પણ થયો હતો. આ કથા કરી બાપુ એ બીજા દિવસની કથા ને વિરામ આપ્યો હતો. કથા સંભળાવી હતી. ગુરુકૃપા થી તુલસીદાસજીએ સંતો ને સંભળાવી હતી. અંતે અયોધ્યામાં તુલસી રામચરિત માનસ ગ્રંથ નો બ્રહ્માર્પણ થયો હતો.




● Rushi Mayursinh vansiya ●
Happy Birthday Rushi
Wish you Yana H. Thakor

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808



ખેતીલાયક જમીન. ફાર્મ હાઉસ.
દુકાન પ્લોટ ફ્લેટ. રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે.
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....

શાસ્ત્રી રોડ, બારડોલી

Date-12/03/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## કોળી ઠાકોરોએ તો કેસો પાછા ખેચવા સંમેલન યોજવુ પડયું

### પાટીદારો સામે ૧૬૭ કેસો પાછા ખેચાયા, પણ અન્ય સમાજોનું શું



**અનામતની માંગ સાથે ગુજરાતમાં પાટીદારોએ આંદોલન કર્યું હતું તે વખતે પાટીદાર યુવાઓએ સામે કરાયેલાં રાજદ્રોહ સહિતના કેસો તબક્કાવાર પાછા ખેચવામાં આવી રહ્યાં છે.**

અનામત આંદોલન વખતે પાટીદાર યુવાઓ વિરુદ્ધ કરાયેલાં કેસો પાછા ખેચવામાં આવ્યાં છે. ઉત્તર ગુજરાતમાં પાલનપુર વિસ્તારમાં કરાયેલાં ૧૬૭ કેસો પણ પરત ખેચવામાં આવ્યાં છે. પાટીદારોના એક પછી એક કેસો પાછા ખેચાતાં અન્ય સમાજના લોકો વિફર્યા છે. આ તરફ, કેસો પાછા ખેચવાની માંગ સાથે કોળી-ઠાકોરોએ મેદાનમાં ઉતરવા મજબુર થવુ પડ્યુ છે. વિંછીયામાં કોળી-ઠાકોર સમાજે મહાસંમેલન યોજી કેસો પાછા ખેચવા માંગ કરી છે. આગામી દિવસોમાં કેસો પાછા ખેચવાના મુદ્દે સરકાર સામે આંદોલન થઇ શકે છે.

અનામતની માંગ સાથે ગુજરાતમાં પાટીદારોએ આંદોલન કર્યું હતું તે વખતે પાટીદાર યુવાઓએ સામે કરાયેલાં રાજદ્રોહ સહિતના કેસો તબક્કાવાર પાછા ખેચવામાં આવી રહ્યાં છે. પાટીદારો તો રાજીના રેડ થયા છે. પણ હવે મુસીબત એ થઇ છેકે, દલિતો, ક્ષત્રિયો, કોળી-ઠાકોરો સરકારથી નારાજ છે. ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીનું કહેવુ છેકે, ઉનાકાંડમાં દલિતો વિરુધ્ધ કેસો થયા છે. ભાનુભાઇ વણકર આત્મવિલોપન કેસમાં કેસો થયાં છે. વડગામ મત વિસ્તારમાં સીએએ-એનઆરસીના મુદ્દે લઘુમતીઓ સામે કેસો થયાં છે. કેવડિયા કોલોનીમાં જમીન સંપાદન મુદ્દે આદિવાસીઓ વિરુધ્ધ કેસો થયાં છે. એમનું શું? મુખ્યમંત્રી આ બધાય પોલીસ ક્યારે પાછાં ખેચશે. જો સરકાર આ દિશામાં તુરંત પગલાં નહી ભરે તો, આંદોલન કરીશું.

એવો પણ આક્ષેપ કરાયો છેકે, મુખ્યમંત્રીએ એક સમાજને રાજી કરવામાં રસ દાખવ્યો છે. દલિતો, ક્ષત્રિયો, કોળી-ઠાકોરો પ્રત્યે મુખ્યમંત્રી કેમ સહાનુભૂતિ દર્શાવી નહી તે સમજાતુ નથી. મંત્રી કુવરજી બાવળિયાના મત વિસ્તારમાં રવિવારે કોળી-ઠાકોરોએ પોલીસ કેસ પાછા ખેચવાની માંગ સાથે મહાસંમેલન યોજયુ હતું.

રજૂઆત કર્યા પછી પણ સરકારના પેટનુંપાણી હાલતુ નથી એટલે જ કોળી- ઠાકોરો મેદાને પડ્યાં છે. પદ્માવતી ફિલ્મના વિરોધમાં થયેલાં વિરોધ પ્રદર્શન વખતે ક્ષત્રિયો સામે પણ કેસો થયાં છે. અનેકવાર રજૂઆત કરવામાં આવી છે તેમ છતાંય સરકાર ક્ષત્રિયોનું સાંભળતી નથી.

## બેરણા ગામની દીકરીએ પિતાને લીવર ડોનેટ કરી નવજીવન આપ્યું



હિંમતનગરના બેરણાના પિતાને લીવર ટ્રાન્સપ્લાન્ટની જરૂરિયાત ઉભી થતાં દીકરી આગળ આવી હતી અને તેનું લીવર મેચ થતાં લીવર ડોનેટ કર્યાના ચાર-પાંચ દિવસમાં જ પુત્રી હવે આ દુનિયામાં રહી નથી.

બેરણાના પર વર્ષીય રાજુભાઇ પટેલને લીવરની સમસ્યા થતાં લીવર ટ્રાન્સપ્લાન્ટ માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલનો સંપર્ક કર્યો હતો અને દીકરી તથા દીકરીના મામાનું લીવર મેચ થતાં દીકરીએ પોતે જ લીવર ડોનેટ કરવાની જીદ પકડ્યા બાદ બીએસસી એગ્રીનો અભ્યાસ કરનાર દીકરી ભૂમિબેન પટેલ અને પિતા રાજુભાઇ પટેલ બંનેનું પાંચ છ દિવસ અગાઉ ઓપરેશન હાથ ધરી લીવર ટ્રાન્સપ્લાન્ટ કરાયુંહતું અને બે ત્રણ દિવસ બાદ ભૂમિબેનને ગાંધીનગર સ્થિત મકાનમાં લવાયા હતા.

ગ્રામજનોના જણાવ્યા અનુસાર સાતમી માર્ચે તેમને કમળી થઇ જતાં સારવાર અર્થે પરત લઇ જવાયા હતા જયાં કોમામાં સરી પડ્યા બાદ આઠમી માર્ચે મહિલા દિને રાત્રે પિતાને નવજીવન આપવાનું કર્મ પૂરું કરી છેલ્લા શ્વાસ લઇ લેતા ૯ માર્ચે વતનમાં વહેલી સવારે અંતિમ સંસ્કાર કરાતાં ગામ આખું હીબકે ચઢ્યું હતું જાણે પિતાનો જીવ બચાવવા જ જન્મ લીધો હોય અને કર્તવ્ય પૂરું કરી વિદાય લઇ લીધી હોય તેવો અનુભવ થયો હતો.

હસતી રમતી દીકરીની વિદાયથી પિતા અજાણ છે જે સૌથી મોટી દર્દનાક સ્થિતિ છે. પિતાને જયારે પણ ખબર પડશે ત્યારે કેવી સ્થિતિનું નિર્માણ થશે તેની કલ્પના કરી શકાય છે. હસતી રમતી દીકરીને ઓપરેટ કર્યા બાદ થયેલ મોત માટે સારવાર કરનાર તબીબીટીમની પણ તપાસ જરૂરી બની રહી છે.

## ખેડૂતોને 'પાણીચોર' ગણાવતી સરકાર પોતે 'કામચોર', નર્મદાની ૬૦૦૦ કિ.મી. કેનાલનું કામ બાકી



નર્મદાના નીર છેવાડાના ગામ સુધી પહોચ્યા છે તેવી ડીંગો હાંકવામાં આવી રહી છે પરંતુ, કડવી વાસ્તવિકતા એ છે કે, આજે પણ હજારો ખેડૂતો સિંચાઇના પાણીથી વંચિત છે. કારણ કે, ગુજરાત સરકાર આટલા વર્ષો પછઈ પણ કેનાલો બનાવી નથી શકી. ખુદ સરકારે સ્વીકાર્યું છે કે, ૫,૯૨૧ કિ.મી કેનાલ બનાવવાની બાકી છે.

ગુજરાતમાં કેનાલોનુ નેટવર્ક સ્થાપવામાં સરકાર ઉણી ઉતરી છે. જો કેનાલોનો પુરતી નેટવર્ક હોય તો, ગુજરાતના ખેડૂતોનો સિંચાઇના પાણીનો પ્રશ્ન હલ થઇ શકે તેમ છે. કારણ કે, નર્મદાની મુખ્ય શાખા નહેર મોટાભાગે પૂર્ણ થઇ છે. માત્ર ૪૬.૧૩ કિ.મી કેનાલ બનાવવાનું બાકી છે. પરંતુ, ૧૦૫૨ કિ.મી પ્રશાખા અને ૪૬૬૩ કિ.મી પ્રપ્રશાખા હજુ સુધી બનાવવામાં નથી આવી. કુલ ૬૯૮૨૯ કિ.મી નર્મદા કેનાલ બનાવવાનું નક્કી કરાયું છે પરંતુ, અત્યાર સુધી માત્ર ૫૩૯૦૮ કિ.મી કેનાલ જ બની શકી છે. હજુ ૫૯૨૧ કિ.મી કેનાલ બનાવવાનું બાકી છે. નિષ્ણાંતો અનુસાર, જો કેનાલ નેટવર્ક બની જાય તો ખેતરો સુધી સિંચાઇનું પામ પહોચી શકે અને ખેડૂતોને લાભ મળી શકે.

જોકે, ગુજરાત સરકારની દાનત ખોરી છે કેમકે, નાની કેનાલ બનાવવામાં ઉદાસિનતા દાખવવામાં આવી રહી છે. સરકારને કેનાલો બનાવવી નથી, સિંચાઇનું પાણી આપવું નથી પણ ખેડૂતોને પાણીચોર સાબિત જરૂર કરવા છે. ઉલ્લેખનીય છે કે, સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલાંય ખેડૂતો સામે પાણીચોરીના કેસો દાખલ કરાયાં છે. બીજી તરફ કચ્છના રણમાં ગમે ત્યારે પાણી છોડી દેવાતાં અગરિયાઓને નુકસાન થાય છે.

### પલસાણાની પોસ્ટ ઓફિસમાં ૩૭.૨૮ લાખની ઉચાપતનો મામલો

## બે પોસ્ટમાસ્ટરે ખાતેદારોના મોબાઈલ નંબર બદલી નાણાં ઉપાડ્યા, એક આરોપી ૧૫ માર્ચ સુધી પોલીસ રિમાન્ડ પર



**બારડોલી-** પલસાણાના લાખણપોર ગામની પોસ્ટ ઓફિસમાં ૩૭.૨૮ લાખની ઉચાપત મામલે આખરે લખાણપોર તેમજ પૂણી પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્ટર સામે ઉચાપત ગુનો નોધાયો હતો. પોલીસે બે પૈકી એક આરોપીની બારડોલી ખાતેથી ધરપકડ કરી લીધી હતી અને હાલ કોર્ટમાં રજૂ કરી આગામી ૧૫ તારીખ સુધીના રિમાન્ડ મેળવ્યા હતા.

બારડોલી ડિવિઝનના આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ચંદુલાલ દિનકરભાઇ પાડવીએ નોંધાવેલી ફરિયાદ મુજબ આ ઉચાપત ૧૩ એપ્રિલ, ૨૦૨૩ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૪ વચ્ચે કરવામાં આવી હતી. પુણી સબ પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્ટર જિગ્નેશસિંહ મહેન્દ્રસિંહ ઠાકોર અને લાખણપોર બ્રાન્ચ પોસ્ટ ઓફિસના બ્રાન્ચ પોસ્ટ માસ્ટર કાર્તિકગીરી ભાઈલાલગીરી ગોસ્વામીનેઆરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે.

આ બંને પોસ્ટ માસ્ટરોએ પોસ્ટ ઓફિસમાં ખાતા ધરાવતા ગ્રાહકોને જાણ કર્યા વિના તેમના ખાતામાં નોંધાયેલા મોબાઇલ નંબર બદલી નાખ્યા હતા. ત્યાર બાદ, ગ્રાહકોના ખાતામાંથી નાણાં ઉપાડીને કુલ ૧૯ ખાતાઓ બંધ કરી દીધા હતા, જેમાં ૩૦ લાખ ૧૨ હજાર ૮૬૪ રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. એટલું જ નહીં, આરોપીઓએ ગ્રાહકોને બનાવટી પાસબુક બનાવીને પણ છેતર્યા હતા અને ૯ બનાવટી પાસબુક દ્વારા ૨ લાખ ૭૫ હજાર રૂપિયા ઉચાપત કરી હતી.

વધુમાં, લાખણપોર બ્રાન્ચ પોસ્ટ ઓફિસની ઉઘડતી સિલકના ૪ લાખ ૩૯ હજાર ૬૬૫ રૂપિયા પણ ગાયબ કરવામાં આવ્યા હતા. ત્યારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે અને બેપૈકી કાર્તિક ગિરી નામના ઇસમની સુરતના બારડોલી ખાતેથી ધરપકડ પણ કરી લીધી હતી. આ અંગે વધુ તપાસ માટે કોર્ટમાં રજૂ કરી આગામી ૧૫ તારીખ સુધીના રિમાન્ડ મેળવ્યા હતા.હાલ પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

## ડાકોરની પદયાત્રામાં શ્રદ્ધાળુઓને તમામ પ્રકારની સુવિધા આપવા જાહેરાત કરી; પ્રયાગરાજમાં આપેલી સેવાકીય પ્રવૃત્તિ અંગે માહિતી આપી



સુરત- આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સંસ્થાપક અને અધ્યક્ષ ડો. પ્રવીણ તોગડિયા હાલમાં સુરતના ત્રીદિવસીય પ્રવાસે છે. વિશેષ ચિંતનના ભાગરૂપ તેઓ ડુમ્મસના અગ્રણી રીયલ એસ્ટેટ ડેવલપર દીપકભાઇ ધીરૂભાઇ ઈજારદારના ઘરે રોકાયા હતા. તાજેતરમાં જ પ્રયાગરાજ ખાતે સંપન્ન થયેલા મહાકુંભના મેળાના આયોજન અને અમલીકરણમાં તેઓએ ખુબ મોટી જવાબદારી સુપેરે નિભાવી હોવાની વાત કરી હતી. તેઓના પ્રયાગરાજ ખાતેના અવર્ણીનય અનુભવોને શેર કરવા માટે એક પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું.

પ્રયાગરાજમાં હજારો લોકોના સેવા આપવાની વાત કરી પ્રયાગરાજ ખાતે યોજાયેલા મહાકુંભમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા જે સેવા આપવામાં આવી હતી. તે અંગે મહાકુંભ પહેલા સુરતમાં તેમણે કેટલીક મહત્ત્વની જાહેરાતો કરી હતી. મહાકુંભ પૂર્ણ થયા બાદ ફરી એક વખત પ્રવિણ તોગડિયા સુરતના પ્રવાસે આવતા તેમણે પ્રયાગરાજમાં આપેલી સેવાકીય પ્રવૃત્તિ અંગે માહિતી આપી હતી. આ વખતનો મહાકુંભ અદ્ભુત હતો. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને બજરંગ દલ દ્વારા તીર્થરાજ પ્રયાગરાજમાં દોઢ મહિનો ૧૪ જગ્યાએ ભંડારા ચલાવીને સવા કરોડ લોકોની જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. દરરોજ ૮૦૦૦ લોકોની રહેવાની વ્યવસ્થા, ટોટલ ૫ લાખ લોકોની રહેવાની વ્યવસ્થા કરી હતી. ૫ લાખ લોકોનો મેડિકલ ઇલાજ કરવામાં આવ્યો હતો.

ડાકોરના પદયાત્રીઓને તમામ સુવિધા આપવાની જાહેરાત અઇંડના અધ્યક્ષ પ્રવીણ તોગડિયાએ જણાવ્યું કે, મહાકુંભ બાદ હવે ડાકોર પદયાત્રા શરૂ થઈ છે એમાં પણ લોકોને વ્યવસ્થા કરવામાં આવશે. પદયાત્રીઓ માટે આરામ કરવાની, ભોજન કરવાની તેમજ તેમને અન્ય સુવિધાઓ આપવા માટે અમારા કાર્યકરો કામે લાગી ગયા છે. અમારા પ્રયાસ દર શનિવારે હનુમાન ચાલીસા પઠન થાય તેવો છે. ડોક્ટરોની એક કોન્ફરન્સ કરી હતી. જેમાં ૨૫૦ કન્સલન્ટ ડોક્ટરોએ દરરોજ એક હિન્દુનું પ્રાઇવેટમાં સારવાર કરવાનું વચન આપ્યું છે. ત્રણ દિવસ દરમિયાન સંગઠનને મજબૂત કરવાનો પ્રયાસ થશે.

## ઉનાળાની શરૂઆતમાં વાહનોમાં આગની ઘટનાઓમાં વધારોઃમાત્ર ૧૬ દિવસમાં જ જિલ્લામાં પાંચ વાહનો ભડભડ સળગ્યા; ડીઝલ વાહનોમાં વધુ જોખમ, વાહન ચાલકો ચિંતામાં



**બારડોલી-** ઉનાળાના પ્રારંભ તાપમાનનો પારો વધવાની સાથે જ વહાનોમાં આગની ઘટનામાં એકાએક વધારો થઈ ગયો છે. સુરત જિલ્લામાં માત્ર ૧૬ દિવસમાં પાંચ વાહનોમાં આગની ઘટના બની છે. જેમાં એક કાર, એક ટેમ્પો, એક ટ્રક, એક ટ્રેલર અને એક કન્ટેનરનો સમાવેશ થાય છે. આ આગની ઘટનામાં મોટાભાગના ડીઝલથી ચાલતા વાહનો છે. ત્યારે આ વાહનોમાં આગ લાગવાની ઘટનાને લઈને હવે વાહન ચાલકો ચિંતામાં મુકાયા છે.

ગત તારીખ ૧૬.૦૨.૨૦૨૫ ના રોજ સુરત જિલ્લાના પલસાણા તાલુકાના કડોદરા ખાતે નેશનલ હાઈવે પર એક મોટી દુર્ઘટના સામે આવી હતી. મુંબઈથી અમદાવાદ તરફ જતાં રસ્તે કડોદરા ઓવરબ્રિજ પર પાર્સલ લઈ જતું કન્ટેનર અચાનક સળગી ઉઠ્યું હતું. શોર્ટ સર્કિટના કારણે લાગેલી આગ ડીઝલ ટાંકી સુધી પહોંચી ગઈ હતી, જેના કારણે ટાંકીમાં બ્લાસ્ટ થયો હતો અને આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગને પગલે નેશનલ હાઈવે પર વાહન વ્યવહાર સંપૂર્ણપણે થંભી ગયો હતો. ૨૮ મી ફેબ્રુઆરીએ કોસંબા બ્રિજ પર સ્વિફ્ટ કારમાં આગ ગત તારીખ ૨૮-૨-૨૫ના રોજ સુરતથી ભરૂચ તરફ જઈ રહેલી કારમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઈ

## માંગરોળ નજીક NH-૪૮ પર અકસ્માતઃશેરડીના બગાસ ભરેલી ટ્રક ડિવાઈડર પર ચડી પલટી, ચાલક સુરક્ષિત



**બારડોલી-** સુરત જિલ્લામાં પસાર થતા નેશનલ હાઈવે પર સતત અકસ્માતના બનાવો વધી રહ્યા છે. ત્યારે નેશનલ હાઈવે ૪૮ પર માંગરોળના નાના બોરસરા ગામ પાસે વધુ એક અકસ્માત સર્જાયો હતો. જેમાં કોસંબાથી ભરૂચ તરફ જઈ રહેલી શેરડીનું બગાસ ભરેલી ટ્રક ના ચાલકે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતા વાહન હાઈવેના ડિવાઈડર પર ચડી ગયું હતું. આ અકસ્માતમાં ટ્રક ચાલકનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. સુરત જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પલટી મારી ગયેલી ટ્રકને ક્રેનની મદદથી સીધી કરવામાં આવી હતી અને ટ્રાફિક પૂર્વવત કરવામાં આવ્યો હતો.

## તાપી જિલ્લા સ્વચ્છ ભારત મિશન ગ્રામિણ યોજના અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ની ઉજવણી કરાઇ



**તાપી** -તાપી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી ખ્યાતિ પટેલના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે આજ રોજ તાલુકા પંચાયત વ્યારા, વાલોડ, ડોલવણ, સોનગઢ, ઉચ્છલ, નિઝર, કુંકમુંડા ખાતે ચાલો આપણા ઘર, આપણા ગામડાને સ્વચ્છ અને નિર્મળ બનાવતી નારીઓનું સન્માન કરીએ ના સ્લોગન સાથે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મહિલા સરપંચશ્રીઓ, મહિલા સ્વચ્છતાગ્રાહી, સ્વ સહાય જૂથોની બહેનો, ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રંસગે વિવિધ તાલુકાઓમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે નિર્મળ ગુજરાતની નાયિકાઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે સ્વચ્છતા અંગે સન્માનપત્ર આપવામાં આવ્યું હતુ.

## સાળંગપુર મંદિરમાં ધૂળેટીએ ઉજવાશે સૌથી મોટો રંગોત્સવ, હાઈટેક મશીનથી ઉડાડવામાં આવશે રંગો



હોળીને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર ધામમાં પૂર્ણિમાના દિવસે (૧૪ માર્ચ) ગુજરાતનો સૌથી મોટો રંગોત્સવ ઉજવાશે. આ રંગોત્સવની વિશેષતાની વાત કરીએ તો દાદાને હોળીના દિવસે વિશેષ શણગાર કરવામાં આવશે. ત્યારબાદ ૭ પ્રકારના ૫૧ હજાર કિલો રંગ અર્પણ કરવામાં આવશે. સવારે દાદાને રંગ ધરાવીને ભક્તો પર સંતો દ્વારા રંગોનો છંટકાર કરવામાં આવશે. આ પ્રાકૃતિક સપ્ત ધનુષકના રંગો સીધા ઉદયપુરની ફેક્ટરીમાંથી મંગાવવામાં આવ્યા છે.

મહત્ત્વનું છે કે, સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે યોજાનારા ગુજરાતના સૌથી મોટા રંગોત્સવમાં ૧૧ થી વધુ દેશ સહિત ગુજરાત અને અન્ય રાજયના લાખો ભક્તો આવશે. આ માટે મંદિરના સંતો અને ભક્તો દ્વારા તડામાર તૈયારી કરવામાં આવી રહી છે. મંદિરના સ્વામી સહિત સંતો અને દેશ દુનિયાથી પધારેલા હજારોની સંખ્યામાં આવેલા ભક્તો એક સાથે દાદાના રંગે રંગાશે. હાલ મુખ્ય મંદિર પરિસરને ભવ્ય રીતે ડેકોરેશન કરવામાં આવી રહ્યું છે.

ગુજરાતના સૌથી મોટા રંગોત્સવના આકર્ષણ

મંદિર પરિસરમાં કલરના ૭૦ થી ૮૦ ફૂટ ઊંચા ૫૦૦ બ્લાસ્ટ કરાશે.

૧૦ હજાર કિલો કલરને એર પ્રેશર મશીન દ્વારા ભક્તો પર ઊડાડવામાં આવશે.

૧૦૦ જેટલા રિબિન બ્લાસ્ટ કરવામાં આવશે.

ભક્તો દાદાના રંગે રંગાયા બાદ રાસ-ગરબાની રમઝટ બોલાવશે.

૫૦ નાસિક ઢોલના સથવારે રંગોત્સવ ઉજવાશે.

૧૧ થી વધુ દેશના ભક્તો રંગોત્સવમાં ભાગ લેવા આવશે.

આ રંગોત્સવ અંગે વાત કરતાં પૂજારી સ્વામીએ જણાવ્યું કે, હોળી અને ધૂળેટીના દિવસે દાદાને પંચરંગી વાઘા પહેરાવાશે. દાદાની સન્મુખ ૧૦થી ૧૧ પ્રકારના પ્રાકૃતિક રંગ ધરાવાશે અને ફૂલનો અભિષેક કરવામાં આવશે. સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધી રંગોત્સવ થશે. આ દિવસના વિશેષ વાઘા રાજકોટમાં એક અઠવાડિયાની મહેનતે બનાવવામાં આવ્યા છે. દાદાના દરબારમાં ઐતિહાસિક હોળી ઉત્સવમાં ૧૪ માર્ચ ૨૦૨૫ને (પૂનમ) શુક્રવારના રોજ સવારે ૭:૩૦ થી ૧૧:૦૦ કલાક સુધી ચાલશે.

Date-12/03/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

### સત્ય અને પ્રભુની ભક્તિનો વિજય એટલે હોળી ઉત્સવ

દર વર્ષે ફાગણ માસની પૂનમના દિવસે માર્ચ મહિનામાં આવતો લોકપ્રિય હિંદુ તહેવાર એટલે હોળી. હોળી સાથે સંકળાયેલી પૌરાણિક કથા અનુસાર હિરણ્યકશિપુ નામે એક રાક્ષસ હતો. તેના કુંવરનું નામ પ્રહલાદ હતું. તેમને પ્રહલાદ પ્રભુ ભજે એ ન ગમે. હિરણ્યકશિપુને એક બહેન હતી. તેનું નામ હોલિકા હતું. પ્રહલાદને મારી નાંખવા હોલિકા તેને ખોળામાં બેસાડી લાકડાઓની ચિતામાં બેઠી. ચિતા સળગાવવામાં આવી અને ચમત્કાર થયો. હોલિકા બળીને ભસ્મ થઈ ગઈ અને પ્રહલાદ ઉગરી ગયો. આમ સત્ય અને પ્રભની ભક્તિનો વિજય થયો. આ પૌરાણિક પ્રસંગથી હોળીનો તહેવાર ઉજવવામાં આવે છે. ફાગણ સુદ પૂનમે પ્રાચીન આર્યજનો નવા ઘઉં અને જુવારના ડૂંડાને હવનના અગ્નિમાં હોમીને અગ્નિહોત્રનો પ્રારંભ કરતા હતા. અનાજના ડૂંડાને સંસ્કૃતમાં ‘હોલક‘ કહે છે. એના પરથી હોલિકા અને હોલી શબ્દો આવ્યા. ગુજરાતીમાં હોલી શબ્દ ‘હોળી‘ બન્યો... હોળીના દિવસે સાંજે હોળી પ્રગટાવી લોકો હોળીની પૂજા કરે છે. હોળીના દિવસે લોકો હારડા, ધાણી, ચણા, ખજુર ખાય છે. હોળીમાં શ્રીફળ-નાળિયેર હોમાય છે. નાના બાળકોથી માંડી વડીલો સુધી હોળીની પ્રદક્ષિણા કરે છે. નવવધુ દંપતિ હોળીની આસપાસ પ્રદક્ષિણા કરી ધાર્મિક આશીર્વાદ મેળવે છે. હરિયાણામાં હોળીને ‘દુલંડી‘ પંજાબમાં હોળીને ‘હોલા મોહલ્લા‘, બિહાર અને ઉત્તરપ્રદેશમાં હોળીને ‘ફાગ અને લઠમાર‘, મહારાષ્ટ્રમાં હોળીને ‘ફાલ્ગુન પૂર્ણિમા‘, દક્ષિણ ભારતમાં ‘કામદહન‘ નામથી હોળી ઉજવાય છે. વૃંદાવનમાં ફૂલોની હોળી તરીકે આ ઉત્સવ ઉજવાય છે. રાધાકૃષ્ણના મંદિરોમાં ભક્તો એકબીજા પર ફુલો ફેંકી હોળી મનાવે છે. આમ હોળીનો ઉત્સવ એ ફાગણના રંગોથી આપણા જીવનને રંગીન બનાવતો, સત્યનિષ્ઠાનો મહિમા સમજાવતો, તેમજ માનવ મનમાં અને માનવ સમાજમાં રહેલી અસહ્ય પ્રવૃત્તિને બાળવાનો સંદેશ આપનારો ઉત્સવ છે. હોળીના બીજા દિવસે અબીલ, ગુલાલના ગોટે ચડીને ધુળેટી આવે છે. ધુળેટી એ પ્રકૃતિના યૌવનકાળ સમી વસંત ઋતુનો તહેવાર છે. વસંતના આગમને ખીલેલા કેસુંડાના લાલચટક ફુલોની ફોરમની માનવહૈયા પણ ફોરી ઉઠે છે. ધુળેટીની ભભકભરી ઉજવણીમાં માનવહૃદયની એ મસ્તીનો તરવરાટ જોઈ શકાય છે. યુવાન હૈયા વસંતની સાથોસાથ ખીલી ઉઠે છે. ઢોલીના ઢોલ સાથે ગવાતા ફાગણના ફાગ અને ધુળેટીના રંગોમાં રંગાઈને ઝૂમી ઉઠતા યુવા નર-નારીઓમાં અનેરા રંગરાગ અને મસ્તી જોવા મળે છે. એટલે બધા તહેવારોમાં ધુળેટીનું સ્થાન અનોખું રહ્યું છે.

ધુળેટીના દિવસે શહેરોના રાજમાર્ગો પર ગુલાલ-રંગોની છોળો ઉડતી દેખાય છે. માથુ, મો અને આખુ શરીર અવનવા રંગોથી રંગાઈ ગયું હોય એવા સ્ત્રી-પુરૂષોને જોવા એ પણ એક લહાવો હોય છે. યુવા હૈયાઓ એકબીજાને પ્રેમથી રંગે છે. નણંદ-ભોજાઈ કે દિયર-ભાભી પરસ્પર રંગી દઈ અનોખા સ્નેહસંબંધનો લહાવો માણે છે. બાળકો પિચકારીમાં જુદા જુદા રંગો ભરીને લોકોને રંગવા નીકળી પડે છે. ઉત્તરભારતમાં આ તહેવાર ખુબ ધામધુમથી ઉજવાય છે. પટાવાળાથી માંડીને રાષ્ટ્રપતિ સુધી બધા આ તહેવાર ઉલ્લાસથી ઉજવે છે. ધુળેટીના દિવસે સૌ કોઈ રંગમસ્તીનો નિર્દોષ આનંદ માણે છે.

## કામરેજ તાલુકાના લાડવીથી એલ્કેમી અને મહેશ્વરી પબ્લિક સ્કૂલ તરફ જતો સિંગલ પટ્ટી રોડ બિસ્માર



આંબોલીમ કામરેજના લાડવીથી એલ્કેમી અને મહેશ્વરી પબ્લિક સ્કૂલ તરફ જતો સિંગલ પટ્ટી રોડ બિસ્માર હાલતમાં જોવા મળે છે.લાડવીથી પસાર થતા એ જ રોડ પર ખ્યાતનામ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. હાલમાં ગુજરાત બોર્ડ, સીબીએસસી બોર્ડની પરીક્ષા ચાલી રહી હોય મોટા ભાગની શાળાઓ બોર્ડનુ કેન્દ્ર ધરાવે છે. કામરેજ તાલુકાની અલગ અલગ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ પરીક્ષા કેન્દ્ર પર મૂકવા જાય છે.







## ગરમીનો પારો ૪૧.૮ ડિગ્રી, ૭ વર્ષ પછી માર્ચમાં રેકોર્ડબ્રેક ગરમી, ઉત્તરના સૂકા-ભઠ્ઠ ગરમ પવનોની અસર



સુરત- ગરમ પવનોના કારણે ભેજનું પ્રમાણ ૧ દિવસમાં ૭૭%થી ઘટી ૩૮% થઈ ગયું, એક જ દિવસમાં તાપમાનમાં ત્રણ ડિગ્રીનો વધારો

અરબી સમુદ્રમાં એન્ટી સાઇક્લોનિક સરક્યુલેશન સિસ્ટમને કારણે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં હીટવેવને લઇ હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યુંહતું. યલો એલર્ટ વચ્ચે સુરતમાં ૪૨ ડિગ્રી નજીક ગરમીનો પારો પહોંચી જતા આકરી ગરમીથી લોકોની હાલત કફોડી બની હતી. ૨૦૧૮ પછી માર્ચમાં ૪૧.૮ ડિગ્રી ગરમી નોંધાઇ છે. ઉત્તર દિશાથી જમીની સ્તરના સૂકા ભઠ્ઠ લૂ યુક્ત ગરમ પવનો ફૂંકાવાના કારણે ચામડી દઝાડતી ગરમીનો અનુભવ થયો હતો. આગામી બે દિવસ પણ હીટવેવને લઇ આગાહી કરવામાં આવી છે. ગરમીનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ જ રહેશે. જેથી શહેરીજનોએ આકરી ગરમીનો સામનો કરવો પડશે. અઠવાડિયાથી શહેરમાં ક્રમશઃ ગરમીનું જોર વધી રહ્યું છે. ઉત્તરના સૂકા ગરમ પવનથી વાતાવરણમાં ભેજનું પ્રમાણ રવિવારની સરખામણીમાં ૩૯ ટકા ઓછું છે. રવિવારે ૭૭ ટકા ભેજનું પ્રમાણ નોંધાયું હતું.

## ઉચ્છલ સરકારી પુસ્તકાલય વહેલા ખોલવા રજૂઆત

સોનગઢ- ઉચ્છલમાં સરકારી પુસ્તકાલયનો લાભ તાલુકામાંથી મોટા પ્રમાણમાં વિદ્યાર્થી મેળવી રહ્યાં છે. હાલ સરકારી પુસ્તકાલયનો સમય સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૧૦ નો નક્કી કરવામાં આવ્યો છે. તાલુકાના વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહ્યાં છે. સાથે ગુજરાત સરકાર બહાર પાડવામાં આવતા વિવિધ પદ માટેની ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ની CCE Mains ની એક્ઝામ અને ગુજરાત પોલીસની PSI-Constable ની પરીક્ષા પણ નજીકના સમયગાળામાં યોજાનાર છે. આ તમામ પરીક્ષા માટેના ઉપયોગી જરૂરી પુસ્તકો સરકારી પુસ્તકાલયમાં ઉપલબ્ધ છે જે વિદ્યાર્થીઓને ઉપયોગી સાબિત થાય છે.

આ પુસ્તકાલય સવારે ૧૦.૩૦ કલાકે ખુલે છે જયારે તાલુકામાંથી આવતાં વિદ્યાર્થીઓ સવારે તાલુકા મથકે આવી જતા હોય છે. પછી ૧૦.૩૦ કલાક બાદ શાળા કોલેજમાં જતા હોય છે. આમ સવારે લગભગ અઢી કલાક જેટલો સમય વિદ્યાર્થીઓ પાસે ફ્રી હોય છે. આ પુસ્તકાલય બંધ રહેતું હોય છે.આમ ઓછા સમયને કારણે વિદ્યાર્થીઓ તેનો પૂરતો લાભ લઇ શક્તાં નથી જેથી આ સરકારી પુસ્તકાલયનો સમય સવારે ૮.૦૦ થી સાંજે ૬.૧૦ કલાક સુધીનો કરવા મામલતદાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

## મહારાજા સયાજીરાવ ગાયકવાડની ૧૬૨ મી જન્મજયંતીઃવ્યારામાં પ્રતિમાને માલા અર્પણ, ભાજપ સંગઠન અને નગરપાલિકાના હોદ્દેદારોની ઉપસ્થિતિ



તાપી (વ્યારા)- ગાયકવાડી નગરી વ્યારામાં મહારાજા સયાજીરાવ ગાયકવાડની ૧૬૨ મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે વ્યારા ખાતે સ્થિત સયાજીરાવ ગાયકવાડની પ્રતિમાને માલા અર્પણ કરી વંદના કરવાનો વિશેષ કાર્યક્રમ યોજાયો.

શિક્ષણ અને સામાજિક સુધારાના અગ્રદૂત એવા મહારાજા સયાજીરાવ ગાયકવાડની જન્મજયંતી નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં નગરના અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા ભાજપ સંગઠનના પ્રમુખ અને વ્યારા નગરપાલિકાના હોદ્દેદારોએ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. સૌએ એકત્ર થઈને મહારાજાની પ્રતિમાને માલ્યાર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## વાલિયા દંપતી હત્યા -ફર્નિચર માટે આપેલા 3 લાખ પાછા માગતાં જમાઈ ગુસ્સે થયો હતો

### જમાઈએ ૬ મહિના પહેલાં સસરાને લૂંટવાનો, દોઢ મહિના પહેલાં હત્યાનો કારસો રચ્યો હતો



ભરૂચના વાલિયામાં બનેલા શિક્ષક દંપતી ડબલ મર્ડર કેસમાં સગી પુત્રીનો પતિ (જમાઈ) જ હત્યારો નીકળ્યો છે. આ પ્રકરણમાં પોલીસે આરોપીની ધરપકડ કરી કડક પૂછપરછ કરતાં શેરમાર્કેટમાં ખોટ, લોનના હપ્તા અને વ્યાજે લીધેલા નાણાંની ઉઘરાણી વચ્ચે સસરાએ ઘર બનાવવા આપેલા રૂ.૨૦ લાખ, ફર્નિચરના રૂ.૩ લાખ પરત મંગાતા વેર ઉભું થયું હતું. આથી જ દોઢેક મહિના પહેલાં પ્લાન બનાવી મંગળવારની રાત્રે ઘટનાને અંજામ આપ્યો હતો. ત્યારે હત્યા બાદ લૂંટ કરેલાં રૂપિયા-દાગીના, હત્યામાં વપરાયેલું ચપ્પુ-કપડા સહિતની રિકવરી સહિત ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવા કોર્ટે જમાઇના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર રાખ્યાં છે.

વાલિયાના શિક્ષક જિતેન્દ્રસિંહ બોરાદરા તેમજ તેમની પત્ની લતાબેનની નાની પુત્રી ઋત્વિકા સાથે વર્ષ ૨૦૧૬માં વ્યારાના ખાટારી રોડ પર રહેતાં વિવેક દૂબેએ પ્રેમલગ્ન કર્યા હતાં. વિવેકે એક હોમલોન, એક કાર લોન, ૪ પર્સનલ લોન લીધી હતી. બે જગ્યાએથી વ્યાજે રૂપિયા પણ લીધાં હતાં. સાથે સાથે તેની બહેન અને સસરા પાસેથી પણ હાથ ઉછીના નાણાં લીધાં હતાં. છ મહિના પહેલાં શેરમાર્કેટમાં રૂ. ૩૫ લાખની ખોટ જતાં તે આર્થિક ભીંસમાં આવ્યોહતો. વિવકને વ્યારામાં મકાન બનાવવા સસરાએ રૂ. ૨૦ લાખની મદદ કરી હતી. જે બાદ ફર્નિચર માટે પણ ૩.૩ લાખ આપ્યા હતા. સસરાએ મકાન માટેઆપેલાં રૂપિયા નિરાંતે આપજો પણ ફર્નિચરના રૂપિયા વહેલાં આપી દેજો તેમ કહેતાં વિવેકને માઠુ લાગ્યું હતું.

#### ગાંધીનગર જતાં રૂટની રેકી કરી ક્યા ટાઈમે ક્યા જશે તે પ્લાન ઘડયો

અઠવાડિયા પહેલાં વિવેક તેનું સીપીએસ (કોન્ટ્રીબ્યુટરી પેન્શન સ્કીમ) નું એકાઉન્ટ એક્ટિવ કરવા માટે ગાંધીનગર ગયો હતો. દરમિયાનમાં તેને વ્યારાથી ગાંધીનગર આવવા-જવાના રૂટની રેકી કરી ક્યાં કેવી રીતે જઈને તે હત્યાને અંજામ આપશે, ક્યાં ટાઈમ પર જશે તો તેનો ઇરાદો પાર પડશે તેનો પ્લાન બનાવી રાખ્યો હતો.

#### પત્નીને વિવેકના ચરિત્ર પર શંકા રહેતી હોવાથી તકરાર થતી હતી

પોલીસ પુછપછરમાં જાણવા મળ્યું હતું કે, વિવેકની પત્ની ઋત્વિકાર્ને તેના પતિના ચરિત્ર ઉપર શંકા હતી. જેના કારણે બંનેની વચ્ચે તકરાર પણ થઈ હતી. ઋત્વિકાના પિતા પણ તેમની વાતોમાં મધ્યસ્થી થતાં હતાં. જે વિવેકને ગમતું ન હોઈ તેને તેના સસરા પ્રત્યે પણ તકલીફ હતી.

#### પત્નીએ પણ ગાંધીનગર આવવાનું કહેતાં બહાનું કાઢ્યું

૪ માર્ચના રોજ વિવેક હત્યા કરવાના ઇરાદે ઘરેથી નિકળતી વેળાં ઘરમાં ગાંધીનગર સીપીએસના કામ અર્થે જતો હોવાનું કહી નીકળ્યો હતો. ત્યારે તેની પત્ની ઋત્વિકાએ તેની સાથે આવવાનું કહેતાં વિવેકે જણાવ્યું હતું કે, રસ્તામાંથી બીજા એક મિત્રને લેવાનો છે તેની સાથે જવાનું છે. તેમ કહી તેની પત્નીને ઘરે જ રોકી હતી.

## તાપી જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે સમાન સિવિલ કોડના અમલીકરણ બાબતે બેઠક યોજાઇ



**તાપી**-ગુજરાત સરકાર દ્વારા રાજય માટે સમાન સિવિલ કોડ નો ડ્રાફ્ટ તૈયાર કરવા સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ દ્વારા રાજયમાં સમાન સિવિલ કોડના અમલીકરણ બાબતે સૂચનો/મંતવ્યો મેળવવાના ભાગરૂપે તા. ૭/૩/૨૦૨૫ ના રોજ સમાન સિવિલ કોડ સમિતિ ગુજરાતના સભ્ય શ્રી દક્ષેસ ઠાકર અને શ્રીમતી ગીતાબેન શ્રોફની ઉપસ્થિતીમાં તાપી કલેકટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજાઇ હતી. જેમાં તાપી જીલ્લાના તાપી જિલ્લા કલેકટરશ્રી ડો.વિપિન ગર્ગ, જિલ્લા પોલિસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ, સહિત ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ, ધાર્મિક સંસ્થાના વડાઓ, કાયદાના નિષ્ણાતો, સામાજિક કાર્યકરો, નાગરિકો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં સમાન સિવિલ કોડના ઉપસ્થિત સભ્યશ્રીઓએ તાપી જિલ્લાના કાયદાના નિષ્ણાતો, સામાજિક કાર્યકરો, ધાર્મિક સંસ્થાના વડાઓ, વિવિધ સમાજના આગેવાનો, નાગરિકો પાસેથી સમાજમાં ચાલી રહેલા લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ અને લિવ-ઈન રિલેશનશિપ ની નોધણી બાબતે વિવિધ મંતવ્યો મેળવ્યા હતા. સમાન સિવિલ કોડના સભ્યશ્રી દક્ષેસ ઠાકરે સૌ આદિવાસી અગેવાનો, સમાજકર્તાઓ સહિત નાગરિકોને જણાવ્યું હતુ કે સમાન નાગરિક સંહિતા આદિવાસી સમુદાયની નીતિઓ, નિયમો, રિવાજો અને કાયદાઓનુંરક્ષણ કરશે, ખાતરી કરશે કે તેમના અધિકારો અને રિવાજો અપ્રભાવિત રહે.

વધુંમાં ઉમેર્યુ હતુ કે આ કાયદાથી સમાજના રિતી-રિવાજો બદલાશે નહિ પરંતુ જયારે કોઇ પણ સમાજના લગ્ન થાય તો એની નોંધણી કરવી જરુરી છે. સમાજ બદલાય તેમ કાયદાઓમાંપણ બદલાવ જરુરી છે એવુ સરકાર માને છે.તેથી આ વિષયો ઉપર વિવિધ મંતવ્યો-સુચનો અગત્યઆ બની રહે છે એમ ઉમેર્યું હતું.

નોધનિય છે કે, ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં સમાન સિવિલ કોડ લાગુ કરવાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા માટે માનનીય ન્યાયમૂર્તિ (નિવૃત) રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં સમાન સિવિલ કોડ સમિતિની રચના કરી છે. જે સમિતિમાં શ્રી સી. એલ. મીના આઈ. એ. એસ. (નિવૃત્ત), આર.સી.કોડેકર વરિષ્ઠ એડવોકેટ, શ્રી દક્ષેસ ઠાકર પૂર્વ વાઈસ ચાન્સેલર અને સુશ્રી ગીતાબેન શ્રોફ સામાજિક કાર્યકર સભ્યો છે.

આ સમિતિ દ્વારા ગુજરાતના રહેવાસીઓના વ્યક્તિગત દિવાની બાબતોનું નિયમન કરતા પ્રવર્તમાન કાયદાઓની સમિક્ષા કરવામાં આવી રહી છે. મૂલ્યાંકન બાદ જરૂરિયાતના આધારે સમિતિ કાયદાની રૂપરેખા સુચવશે. જેમાં સમિતિ લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ અને લિવ-ઇન રિલેશનશિપ વિષયોના સમાવેશ કરવા બાબતે વિચારણા કરાશે. ધર્મ આધારિત કૌટુંબિક કાયદાઓ અંગે ભેદભાવપૂર્ણ વ્યવહાર દૂર કરવા બાબતે વિચારણા કરાશે.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# દ. ગુજરાતના ચાર જિલ્લામાં કોસ્ટલ વિસ્તારના આશરે ૬૫૭ ગામડા અન્ડરગ્રાઉન્ડ કેબલ નાખવામાં આવ્યો : ૯૦ ટકા કામ પૂરું...

દરિયા કાંઠા વિસ્તારના ગામડા ઓમાં કુદરતી આફ્ત આવે છે ત્યારે વીજળી કંપની ભારે નુક્શાન સહન કરવુંપડતુંહોય છે વીજ પૂરવઠો ખોરવાઈ જતો હોય છે તેમાટે રાજય ના મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ એ દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા વીજ લાઈનોના વધુ મજબૂતીકરણ માટે અને વીજ ગ્રાહકોને ગુણવત્તાસભર તથા સતત વીજ પુરવઠો મળે એ માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે.

સમગ્ર ભારતમાં વીજ વિતરણ ક્ષેત્ર કાર્યક્ષમ બનાવવા અને સક્ષમનાણાકીય વ્યવસ્થા થકી વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો પૂરો પાડવા માટે કેન્દ્ર સરકારશ્રી દ્વારાસમગ્ર ભારતમાંરાષ્ટ્રીય સ્તરે૪રિવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ યોજના જાહેર કરેલ છે.

જેમાં વીજ લાઈનોના વધુ મજબૂતીકરણ માટેની કામગીરીઓ જેવી કે ખુલ્લા વીજ વાયરો બદલી એરિયલ બંચ કેબલ અને કવર કરેલા વીજ વાયરો, નવા ટ્રાન્સફોર્મર, હયાત ટ્રાન્સફોર્મરની કેપેસીટીમાં વધારો, લાંબા ફીડરોનું વિભાજન, શહેરી વિસ્તારમાં ।ફળા; દરિયા કાંઠાના વિસ્તારોમાં વીજ વાયર અન્ડર ગ્રાઉન્ડ કરવામાં આવશે અને હયાત મીટરોને બદલે પ્રી-પેઈડ સ્માર્ટ મીટર મુકવામાં આવશે. DGVCLયોજના હેઠળ કુલ રૂ. ૪૧૨૦.૬૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. વધુમાં, ગુજરાત સરકારશ્રી દ્વારા દરિયા કાંઠાના વિસ્તારોમાં તેમજ પર્યટન સ્થળો પર ઓવરહેડ ટુ અન્ડર ગ્રાઉન્ડ યોજના હેઠળ વીજ વાયર અન્ડર ગ્રાઉન્ડ કરવામાં આવશે. ઓવરહેડ ટુ અન્ડર ગ્રાઉન્ડ યોજના હેઠળ કુલ રૂ. ૮૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે તેવી જાહેરાત કરાઈ હતી. દ ગુજરાતમાં ખાસ કરીને કાંઠા વિસ્તાર માં ભરૂચ, વલસાડ, નવસારી અને સુરત જીલ્લામાં આવતા હાંસોટ, વાગરા, જંબુસર, પારડી, વલસાડ, ઉમરગામ, જલાલપોર, ગણદેવી, ઓલપાડ અને ચોર્યાસી તાલુકાના દરિયા કાંઠાના વિસ્તારોમાં ઉટઈકના કાર્યક્ષેત્ર હેઠળના વીજ ગ્રાહકોને ગુણવત્તાસભર તથાસતત વીજ પુરવઠો મળે એ માટે કેન્દ્ર સરકારની રિવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ યોજના તેમજ ગુજરાત સરકારની ઓવરહેડ ટુ અન્ડર ગ્રાઉન્ડ યોજના હેઠળ કુલ રૂ. ૩૯૭ કરોડના ખર્ચે ૧૮૮૧ કી.મી. વાયર અન્ડર ગ્રાઉન્ડ કરવામાં આવશે. જેમાંથી ૯૫% કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે. ચક્રવાત અને ચોમાસા દરમિયાન થતા નુકસાન અને અવારનવાર થતા વીજ વિક્ષેપમાં નોંધપાત્ર ઘટાડો થશે. વધુમાં, અન્ડરગ્રાઉન્ડથી વીજ પુરવઠામાં અવરોધો ઓછા થશે અને ગ્રાહકોને સતત વીજ પુરવઠો મળી રહેશે. DGVCLના કાર્યક્ષેત્ર હેઠળના સાત જિલ્લાના ૩૫૦૦ ગામડા આવરી લેય છે હાલમાં કોસ્ટલ ગામડા વાત કરીયે તો ૩૦ ટકા એટલે ૬૫૭ ગામડા આવેલા છે કુદરતી આફ્ત આવે ત્યારે વીજળી પુરવઠો થી વચિત ગામડાવાસી રહેતા હતા પરંતુ સરકાર દ્વરા નવી યોજના હેઠળ વીજ પુરવઠો ના કામ અન્ડરગ્રાઉન્ડ કેબલ નાખી શરુ કરવામાં આવ્યા હતા છેલ્લા ૨ માસ થી કોસ્ટલ વિસ્તારના કામ વિલંબ થઇ રહયો છે જેની પાછળ ધો ૧૦ અને ૧૨ પરીક્ષ લઈને DGVCL ના ચીફ એન્જિનયર પ્રોજેક્ટ પ્રોગામ ના કેદારીયા એ અટલ સવેરા ને જણવ્યું હતું કેદ ગુજરાતના કોસ્ટલ વિસ્તારના આશરે ૬૫૭ ગામડા અન્ડરગ્રાઉન્ડ કેબલ નાખવામાં આવો છે સૌથી વધુ સુરતના ઓલપાડ માં ૧૦૩ ગામડા કોસ્ટલ આવેલા છે સૌથી ઓછા સુરતના ચોર્યાસી ૩૭ ગામડા આવેલા છે આમ ચાર જિલ્લમાં પૌકી નવસારી, સુરત , વલસાડ અન્યૂ ભરૂચ જિલ્લામાં અલગ અલગ જિલ્લાના ત્રણ ટિમ બનાવામાં આવી છે એક ટિમ માં ૮ કર્મચારી હોય છે આગામી ૩૧ મે પેહલા તમામ કામ પૂરું કરવાનો આદેશ DGVCL ના એમડી યોગેશ ચૌધરીએ આપિયો હતો હાલમાં ૯૦ ટકા કામ પૂરું થયુંછે બોર્ડ ની પરીક્ષા લઈનેમોંડુંકરાયુંહતુંવિદ્યાર્થી ભવિષ્ય નહિ બગડે તેનો ખ્યાલ રાખવામાં આવ્યો હતો આગામી દિવસમાં ૧૦ ટકા કામ સમય પેહલા પૂરું થશે તેવી અપેક્ષા રાખવમાં આવી છે.

# કામરેજમાં બાઇક ચોરીની ઘટના CCTVમાં કેદ:નકલી ચાવીથી ૨૦ હજારની બાઇક ચોરી કરી ચોર ફરાર, પોલીસે તપાસ શરૂ કરી

**બારડોલી-** સુરત જિલ્લાના કામરેજ તાલુકાના માંકણા ગામની શિવ દર્શન સોસાયટી મકાન નં-૧૦,૧૧ રહેતા પારસભાઇ રાજુભાઈ મેર જેઓએ કામરેજ તાલુકાના નવાગામ ખાતે ઉમિયા કોમ્પલેક્ષ ચામુડા જવેલર્સ દુકાન બહાર પોતાની ૨૦ હજાર કિંમતની ટીવીએસ કંપનીની મો.સા.નં.જીજે-૦૫-ઈટી-૮૪૩૪ પાર્ક કરી હતી. તેઓ ફોર વિહ્લ ગાડીમાં મારાકુંટુંબી ભાઇઓ શૈલેષભાઈ, તેજાભાઈ, ગોપાલભાઈ નાજાભાઈ, ગોવિંદભાઇ હિરાભાઈ અને રામજભાઇ બાબુભાઈની સાથે અમો તેમના વતનમાં ધાર્મિક દર્શન કરવા ગયેલા હતા. જોકે પારસભાઈ દર્શન કરી પરત આવતા તેઓએ પાર્ક કરેલી ઉપરોક્ત બાઇક નજરે નહીં પડતા જેમણે આસપાસનાં વિસ્તારમાં તપાસ કર્યા બાદ પણ બાઇક મળી નહીં આવી જે ચોરી થઇ ગઇ હોવાનું જણાઇ આવ્યું હતું.

ત્યારે સમગ્ર ચોરીની ઘટના અંગે કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવતા હાલ પોલીસે અજાણ્યા ચોર ઇસમ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. સમગ્ર ચોરીની ઘટના નજીકના સીસીટીવી કેમેરા કેદ થઈ કામરેજ પોલીસે આસપાસ વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચેક કરતા નજીકના સીસીટીવી કેમેરામાં સમગ્ર ચોરીની ઘટના કેદ થઈ ગઈ હતી.

# જીઆઇપીસીએલના દીપ ટ્રસ્ટની પહેલ: ડુંગરી ગામે સ્વચ્છ ઘર-સ્વચ્છ ગામ હરીફાઈના વિજેતાઓને સન્માનિત કરાયા



**બારડોલી-** જીઆઇપીસીએલ કંપનીના દીપ ટ્રસ્ટ દ્વારા ડુંગરી ગામે સ્વચ્છ ઘર-સ્વચ્છ ગામ ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ગણપતભાઈ વસાવા અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા.

નાની નરોલી ગામે કાર્યરત જીઆઇપીસીએલ કંપનીએ ૨૫ ગામોમાં ૧૭૪ સ્વ સહાય મહિલા જૂથો બનાવ્યા છે. આ જૂથોમાં ૧,૭૭૪ બહેનો જોડાયેલી છે. જૂથોની કુલ બચત રકમ ૨.૯૨ કરોડ રૂપિયા છે. આંતરિક ધિરાણ રકમ ૧૩.૭૭ કરોડ રૂપિયા છે. બેંક લોનની રકમ ૬૨.૦૮ લાખ અને કુલ આંતરિક ધિરાણ-બેંક લોન ૧૪.૩૯ કરોડ રૂપિયા છે. સ્વચ્છ ઘર-સ્વચ્છ ગામ હરીફાઈમાં ૧૭૨ સ્વ સહાય જૂથની ૧,૩૮૫ મહિલાઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં પદ્મશ્રી એવોર્ડ વિજેતા રમીલાબેન ગામીતે મહિલા સશક્તિકરણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કંપનીના જનરલ મેનેજર સી.એસ. જાડેજાએ પણ સંબોધન કર્યુંહતું.

ધારાસભ્ય વસાવાએ જણાવ્યું કે રાજય સરકારે મહિલા સશક્તિકરણ માટે સાડા સાત હજાર કરોડનું બજેટ ફાળવ્યું છે. કંપનીએ ૨૦૨૪-૨૫માં ૩૨ ગામોમાં વ્યક્તિગત શૌચાલય, ૨૦ ગામોમાં ૧,૪૨૫ બાથરૂમ, ૬૮ ક્લાસરૂમ, ૧૪ કોમ્યુનિટી હોલ અને ૭૯ કિલોમીટર સીસી રોડનું નિર્માણ કર્યું છે.

# વ્યારામાં રાત્રી દરમિયાન સાફ સફાઈ અભિયાન પૂરજોશમાં



વ્યારા- વ્યારા નગર પાલિકા દ્વારા દિવસ દરમિયાન તો સાફ સફાઈ કામગીરી ચાલી રહી છે. પરંતુ હાલ થોડા સમયથી વ્યારા નગરમાં રાત્રિ દરમિયાન મોટી સંખ્યાના બહારથી શ્રમજીવીઓને લાવીને તમામ વોર્ડ અને રસ્તો પર સાફ સફાઈની કામગીરી પૂર જોશમાં ચાલુ કરી દેતા વ્યારા નગરમાં ગંદકીનું પ્રમાણ ઘટી ગયું છે.

છેલ્લા થોડા સમય અગાઉ વ્યારા નગરમાં સાફ સફાઈ ઓછી થવાને લઈ સ્વચ્છ વ્યારા સુંદર વ્યારાના સૂત્રને લાંછન લાગી રહ્યું હતું. જેને લઇ વ્યારા નગર પાલિકા દ્વારા યોગ્ય આયોજન હાથ ધરી દીધું હતું. વ્યારા પાલિકા સભ્ય પરેશભાઈ શાહ (મીઠાવાળા) એ નગરમાં સાફ સફાઈ માટે ખાસ જહેમત ઉઠાવી રહ્યા છે. દિવસ દરમિયાન પાલિકા દ્વારા સાફ સફાઇ અને રાત્રે બહારથી શ્રમજીઓ લાવી આખી રાત વ્યારા નગરના વિવિધ વિસ્તારોમાં અને માર્ગો પર સાફ-સફાઈ હાથ ધરી દેવામાં આવી છે. જેને લઇ નગરની રોનક અને સુંદરતા વધી રહી છે.


જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb



ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808


# સ્થાનિકો પાસે ટોલ વસૂલી નહી અટકે તો ૨૧ મી એ માંડળ નાકાને બંધી કરીશુ

વ્યારા- વ્યારાની સરકારી સિવીલ હોસ્પિટલના ખાનગીકરણનો વિરોધમાં બેઠેલા તાપી ના નાગરીકોના સમર્થનમાં તથા માંડળ ટોલ નાકા પર કાયદાઓ તથા બંધારણની વિરુદ્ધ થતી ઉઘરાણીનો વિરોધ દર્શાવવાના તા ૨૧/૩/૨૫ ના રોજ માંડળ ટોલ નાકુ બંધ કરવાની ચીમકી સાથે કલેક્ટર ને આવેદન આપ્યું હતું.

લેખિત માં આપેલ આવેદન માં જણાવ્યા મુજબ તાપી જિલ્લામાં મહત્તમ આદીવાસી વિસ્તાર હોવાથી સદર વિસ્તાર શિડ્યુલ ૫ મા આવતો હોય આ વિસ્તારનો વહીવટ સીધો રાજયપાલના દોરવણી હેઠળ ચાલવો જોઇએ, તેનું ઉલંઘન કરવામાં આવેલ છે જેથી તાપી જિલ્લાના તમામ નાગરીકો અને ખાસ કરીને આદીવાસી પ્રજાના પ્રશ્નો બાબતે તા ૨૧/૩/૨૫ ના રોજ સવારે ૯.૦૦ વાગયાથી માંડળ ટોલ નાકાને બંધ કરાવવા પોતાનો વિરોધ દર્શાવશે.

જેથી આપશ્રીને નમ્રતાપુર્વકની વિનંતી છે કે તા- ૨૧/૩/૨૫ ના રોજ પહેલા સ્થાનિક જે સરકારી સિવીલ હોસ્પિટલ વ્યારા સરકારી જ રહે અને ટોલ નાકા પર ઉઘરાવામાં આવતો ટોલ સ્થાનિક લોકો પાસે ઉઘરાવવાનું બંધ ન કરવા મા આવશે તો સદર કાર્યક્રમ કરવામાં આવશે. સદર બાબતની ગંભીર નોધ લઇ સત્વરે નિકાલ કરવામાં આવે એવી માગ છે. અન્યથા ઉગ્ર આદોલન કરવાની ફરજ પડશે જેની ગંભીર નોધ લેવા જણાવ્યું હતું.

# ધીરગુરુદેવના મંત્રોચ્ચારે વિમલ વૈયાવચ્ચ ભવનના મંગલ ઉદઘાટનથી ધર્મોલ્લાસ

## સીડીનું કામ શરીરને ઉપર ચડાવે, ધર્મસ્થાનકનું કામ આત્માને ઉપર ચડાવે છે : ધીરગુરુદેવ





શ્રી વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્ર અને શ્રી ગોપાલગ્રામ સ્થાનકવાસી જૈન સંઘના ઉપક્રમે પૂ. શ્રી ધીરગુરુદેવ એવં સાધ્વીરત્ના પૂ. સરલાબાઈ મ.સ., પૂ. ગુણીબાઈ મ. સ., પૂ. લીનાજી મ. સ. તથા મુંબઈ, સાવરકુંડલા, ધારી, બગસરા, ચલાલા, રાજકોટ, અમરેલી, જેતપુર, બાબરા વગેરે સંઘના જયનાદે શ્રી કિરીટભાઈ અને અમિતભાઈ મગીયાના હસ્તે વિમલ વૈયાવચ્ચ ભવનનું ઉદઘાટન કરવામાં આવેલ.

ગુરુદેવે ધર્મસભામાં જણાવેલ કે ધરાને પ્રકાશીત કરવાનુ કાર્ય સૂર્ય, ધરતીને શીતલ કરવાનું કાર્ય ચંદ્ર, ધરાને હરિયાળું કરવાનું કાર્ય વર્ષા કરે છે. તેમ જીવનને સંસ્કારી કરવાનું કાર્ય ધર્મસ્થાનક કરે છે. વધુમાં કહેલ કે સીડીનું કામ શરીરને ઉપર ચડાવે છે તો ધર્મસ્થાનકનું કામ આત્માને ઉપર ચડાવવાનું છે. ઢોલ નગારાના નાદે શોભાયાત્રા પટેલ સમાજવાડીમાં પહોચ્યા બાદ ઝાટકીયા સ્કૂલની કુમારિકાઓએ નવકાર નૃત્ય રજૂ કરેલ.

દાતા તથા મિલન અને મીનલ ઝાટકીયા વગેરેનું સેવાભાવી સન્માન કરાયું હતું. જીવદયાનો લાભ સવિતાબેન મણીલાલ ઝાટકીયા અને જયશ્રીબેન દોશીએ લાભ લીધેલ. કાયમી વૈયાવચ્ચ યોજનામાં ૨,૫૧ લાખનું દાન રીટાબેન કિરીટભાઈ મગીયા પરિવારને તારક વોરા, જયશ્રી શાહે મોમેન્ટો અર્પણ કરેલ. ૫૦૦ જેટલા ભાવિકોએ ગૌતમ પ્રસાદનો લાભ લીધેલ નિર્માણ સંયોજક શ્રી રાજુભાઈ અને સમીરભાઈ ઝાટકીયાની સેવાને બિરદાવી હતી.

# ૩૭ વર્ષની સેવા બાદ OCની વિદાય, ૧૨ જવાનોને પ્લાટુન કમાન્ડરની રેન્ક એનાયત



**બારડોલી-** માંડવી હોમગાર્ડ્ઝ યુનિટમાં બેવડી ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. એક તરફ ૩૭ વર્ષની નિષ્કામ સેવા આપનાર ઓફિસર કમાન્ડિંગ સતીષભાઈ કે. કાયસ્થનો નિવૃત્તિ સમારંભ યોજાયો હતો. બીજી તરફ સુરત જિલ્લાના વિવિધ તાલુકાના ૧૨ હોમગાર્ડ્ઝ જવાનોને પ્લાટુન કમાન્ડરની રેન્ક એનાયત કરવામાં આવી હતી. માંડવીના અણુમથક સાંસ્કૃતિક ભવન ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ડી.વાય.એસ.પી. અભિજીતસિંહ પરમાર અધ્યક્ષસ્થાને હતા. સુરત જિલ્લાના નવ તાલુકામાંથી કુલ ૧૫ જવાનોએ પરીક્ષા આપી હતી.




કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454



ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808


OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).